(5) **સરકારી/પંચાયતના કર્મચારીઓ વગેરેને તબીબી ભથ્થું મંજૂર કરવા બાબત**

ગુજરાત સરકાર, નાણા વિભાગ

ઠરાવ નંબર : વલભ/1790-1257-જ.

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર 25 મી જુલાઈ 1990

**વંચાણમાં લીધા :** (1) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ નંબર : એમએજી/1081/2097(82)/ધ, તારીખ 31 મી માર્ચ, 1982

(2) નાણા વિભાગનો તારીખ 7 મી જુલાઈ 1990 નો ઠરાવ નંબર વલભ/1790/1257/જ.

**ઠરાવ :-** આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના તારીખ 7 મી જુલાઈ 1990 ના ઠરાવથી તબીબી ભથ્થાની રકમ તારીખ-1 લી ઓગસ્ટ 1990 થી રૂ. 30 થી વધારીને રૂ. 75 પ્રતિમાસ મંજૂર કરવામાં આવેલ છે. આ વધારેલ રકમ પાછલી અસરથી આપવાની બાબત સરકાર શ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે તબીબી ભથ્થાની વધારેલી રકમ પ્રતિ માસ રૂ. 75 તારીખ 1 લી ઓગસ્ટ 1990 ના બદલે તારીખ 1 લી જાન્યુઆરી 1990 થી આપવાનું સરકાર ઠરાવે છે.

2 આ હુકમો રાજ્ય સરકારની કર્મચારીઓને પેન્શનરોને, પંચાયતના કર્મચારીઓ અને પેન્શનરોને તથા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ ખર્ચિત કર્મચારીઓ (જેમણે સળંગ 1 વર્ષની નોકરી પૂરી કરી હોય) તેઓને લાગુ પડશે.

3. જે કર્મચારીઓ તા. 1 લી ઓગસ્ટ, 1990 થી 31 મી માર્ચ 1991 ના સમયગાળા માટે તબીબી ભથ્થા માટે વિકલ્પ બદલવા ઈચ્છતા હશે તેઓને આવો વિકલ્પ તા. 31 મી ઓગસ્ટ, 1990 પહેલાં આપી દેવાનો રહેશે. તા. 1 લી જાન્યુઆરી 1990 થી 31 મી જુલાઈ 1990 ના સમય ગાળા માટે તબીબી ભથ્થાના વિકલ્પમાં કોઈ ફેરફાર કરી શકાશે નહિ.

4. ઉપર દર્શાવેલ તબીબી ભથ્થું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ 31 મી માર્ચ, 1982 ના ઠરાવ તથા તેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારા અન્વયેની શરતોને આધીન છે.

5. હિસાબી પદ્ધતિ તેમજ વિકલ્પ આપવા અંગેની બીજી શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) બિંદુ ગામીત

સરકારના નાયબ સચિવ, નાણા વિભાગ

• • • •